<u>ખાનગી</u>

***તકેદારી આયોગ તથા વિભાગો દ્વારા લાંચ રૂશ્વત વિરોધી ખાતાને સોંપવામાં આવતી તપાસોમાં પ્રાથમિક તપાસમાં લાંચ રૂશ્વત ભ્રષ્ટાચાર અંગે ફોજદારી ગુનો બન્યાનું પ્રથમદર્શીય જણાય ત્યારે અપનાવવાની કાર્ય પદ્ધતિ.***

**ગુજરાત સરકાર**

**ગૃહ વિભાગ**

પરિપત્ર ક્રમાંક : ગતપ-૩૧૮૪-જીવીસી-૧૦૧-હ,

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જુન, ૧૯૮૬.

**પરિપત્ર**

ઉક્ત વિષયને લગતા આ વિભાગના પરિપત્ર ક્રમાંક : ગતપ-૩૧૮૪-જીવીસી-૧૦૧-હ, તા. ૩૧મી મે, ૧૯૮૫થી તકેદારી આયોગ તેમજ સચિવાલયના વિભાગો તરફથી લાંચ રૂશ્વત વિરોધી ખાતાને સોંપાયેલ તપાસમાં જો લાંચ રૂશ્વત અને ભ્રષ્ટાચાર અંગે કોઈ ફોજદારી ગુનો બન્યાનું પ્રથમદર્શીય રીતે જણાય તો તપાસ અધિકારીએ ગુનો નોંધીને પોલીસ તપાસ હાથ ધરવી અને સાથો સાથ વચગાળાનો અહેવાલ તકેદારી આયોગને મોકલી આપવો. આમ પ્રાથમિક તપાસ દરમ્યાન આ રીતે લાંચ રૂશ્વત અને ભ્રષ્ટાચાર અંગે ગુનાહિત કૃત્ય કરેલાનું જણાય ત્યારે ગુનો નોંધી આગળની તપાસ કરવા માટે લાંચ રૂશ્વત વિરોધી ખાતાએ ગુજરાત રાજ્ય તકેદારી આયોગની પૂર્વ અનુમતિ મેળવવાની જરૂર રહેતી ન હતી.

૨. આ અંગે ફેર વિચારણાના અંતે ઉક્ત પરિપત્ર ક્રમાંક : ગતપ-૩૧૮૪-જીવીસી-૧૦૧-હ, તારીખ ૩૧મી મે, ૧૯૮૫માં કરવામાં આવેલી જોગવાઈ રદ કરવા સરકારે નિર્ણય લીધેલો હોઈ, તે પરિપત્ર આથી તાત્કાલિક રદ કરવામાં આવે છે અને સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૧૭મી એપ્રિલ, ૧૯૬૪, તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૬૬ અને તારીખ ૨૫મી મે, ૧૯૬૬ના ઠરાવોથી જે કાર્યપદ્ધતિ નક્કી કરવામાં આવેલ અને જે સૂચનાઓ બહાર પાડવામાં આવેલ તે યથાવત્ રાખવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**પ્રીતમલાલ વ્યાસ**
સરકારના નાયબ સચિવ